## // આંક–૧૦ લગત હુકમ //

1. સદર અરજી વંચાણે લીધી તથા તેમના વિ.વ.શ્રીને સાંભળ્યા. સદર અરજીમાં પ્રતિવાદીઓએ એવી હકીકત જણાવેલ છે કે, વાદીનો હાલનો દાવો સ્પેસિફિક રીલીફ એક્ટની કલમ–૩૪,૩૮ હેઠળ ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ મળવા અંગેનો છે. જે દાવાના સમન્સ નોટીસ તેઓને તા.૧૫.૧૦.૨૦૨૫ ના બપોર બાદના સમયે મળેલા છે. આ કામમાં વિગતવાર જવાબ આપવાનો હક્ક અબાધિત રાખી અને હાલની આ અરજી લાવેલ છે. સૌપ્રથમ તો વાદી તરફથી આ દાવો કોની સામે લાવેલ છે તે સ્પષ્ટ નથી. આ દાવો ચીફ ઓફિસરશ્રી સામે છે કે ધોરાજી નગરપાલિકા સામે છે કે જયમલભાઈ મોઢવાડીયા સામે છે તે મથાળું જોતા સ્પષ્ટ થતું નથી. નગરપાલિકા અધિનિયમની કલમ–૨૫૩ ની આદેશાત્મક જોગવાઈ છે કે, નગરપાલિકા સામે કોઈપણ દાવો લાવતા પહેલાં તેમને સ્ટેચ્યુટરી નોટિસ આપવી પડે. આવી નોટીસ પાઠવ્યા સિવાય દાવો લાવવાની જોગવાઈ નથી. વિશેષમાં વાદીએ પોતે જે જે દસ્તાવેજો ઉપર આધાર રાખતા હોય તે તમામ દસ્તાવેજો દાવા સાથે રજૂ કરવા તે આદેશાત્મક જોગવાઈ છે. હાલના દાવાનો દસ્તાવેજી પુરાવા લિસ્ટ જોવામાં આવે તો, તેની સાથે વાદી તરફથી સ્ટેચ્યુટરી નોટીસ પાઠવેલી હોય તેવું જણાતું નથી. આવા સંજોગોમા હાલનો દાવો કાયદાથી બાધિત છે. સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧(ડી) ની જોગવાઈઓ જોવામાં આવે તો તેમા સ્પષ્ટ છે કે, "નીચે ના પ્રસંગોમાં આવી દાવા અરજી નામંજુર કરવી જોઈશે, બાબત અરજીમાં લખેલા મજકુરો ઉપરથી એમ જણાય કે કોઈ કાયદાથી દાવો ચલાવવાનો બાદ આવે છે." હવે આ સંજોગોમાં જોતા નગરપાલિકા અધિનિયમની કલમ–૨૫૩ ની આદેશાત્મક જોગવાઈ છે કે નોટીસ લાવ્યા સિવાય દાવો લાવી શકાય નહિં અને સિવિલ મેન્યુઅલ પારા–૮ જોવામાં આવે તો આ દાવો દાખલ થયાને પણ પાત્ર નથી અને વડી અદાલતના નટવરલાલ બદીયાણી વિરૂદ્ધ ગુજરાત રાજયના ચુકાદામાં પણ આ

પ્રકારની હકીકતમાં દાવા અરજી નોટીસની પુર્તતા કરવા માટે પરત આપવી જોઇએ તેવું ઠરાવેલું છે. આવા સંજોગોમાં હાલની આ દાવા અરજી વાદીને નગરપાલિકા અધિનિયમ મુજબની સ્ટચ્યુટરી નોટીસ પાઠવેલી ન હોય તે પુર્તતા કરવા માટે સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧(ડી) મુજબ પરત આવપા અરજ કરેલ છે તથા આ અરજીના અનુસાંગિક એવી હર કોઈ દાદ અપવવા અરજ કરેલ છે.

2. સદર દાવાના કામે પ્રતિવાદીએ આંક–૧૩ થી વાદીએ આપેલ અરજીનો લેખિત જવાબ રજૂ રાખેલ છે તેમાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, Preliminary Submission– The present application filed by the plaintiff under Order VII Rule 11 CPC for rejection of the plaint on the alleged ground of non–issuance of statutory notice under Section 253 of the Gujarat Municipalities Act, 1963 is misconceived, untenable in law, and liable to be rejected at the threshold. 2. Maintainability of the Suit–(a) The requirement of statutory notice under Section 253 applies only to suits "in respect of any act done or purporting to be done in official capacity by or on behalf of the Municipality or its officers."(b) In the present case, the acts complained of by the plaintiff do not arise from any such official act nor are they connected with the discharge of any statutory duty. The plaintiff's allegations are personal and outside the purview of Section 253; therefore, no prior notice was necessary. Lis further submitted that plaintiff is owner of the property in question, Therefore if municipality wants to carry out any demolition on property of

plaintiff it has to take out proceedings under relevant law it cannot high handedly on mere issuance of notice initiate action. The act of the municipality to forcibly demolish / remove private property of plaintiff is absolutely without jurisdiction. Therefore no notice is required under S. 253 of Gujarat Municipality Act. Plaintiff relies on the judgment reported in AIR 1996 SC 2520 IN THE MATTER OF J. N. GANATRA VS. MORVI MUNICIPALITY wherein Hon'ble Apex Court has categorically held the if the action powers under statue is required to be exercised as per the provision of statutes if action is illegal, void, without jurisdiction then in that case no notice under S. 253 of Gujarat Municipality is required. The Hon'ble Gujarat High Court has taken same view in AIR 1981 GUJARAT 243. IN THE MATTER OF SAVARKUNDLA NAGARPALIKA V.S MANINAGAR NIRMAN SAHKARI MANDLI (c) Alternatively, even if such notice were required, non-service of notice is a curable irregularity and does not go to the root of the cause of action. Hence, rejection of plaint is not warranted under Order VII Rule 11. Scope of Order VII Rule 11 CPC- It is well-settled that while considering an application under Order VII Rule 11, the court must confine itself to the averments made in the plaint alone. The plaintiff's contentions rely on facts extraneous to the plaint, which cannot be examined at this stage. Reliance may be placed on:

Popat and Kotecha Property v. State Bank of India Staff Association, (2005) 7 SCC 510.– Kamala & Ors. v. K.T. Eshwara Sa & Ors., (2008) 12 SCC 661. The suit from it's averments and prayer is not barred by any provisions of law therefore apparently application under O. 7 Rule 11 is not maintainable. Substantial Compliance and Waiver– Without prejudice, the defendant submits that substantial compliance with Section 253 exists since prior correspondence and communications were exchanged between the parties regarding the subject matter. Even reply of notice is issued to defendant municipality. Such intimation satisfies the object of Section 253, namely, to afford the Municipality an opportunity to settle disputes before litigation. Hence, technical non-compliance cannot be used to defeat substantive justice. I have already replied to the municipality along with relevant details about the purchase of property. Therefore, this reply itself is substantial compliance of notice under S.253. Object and Interpretation of Section 253 Gujarat Municipalities Act– Section 253 is procedural and directory, not mandatory, in nature. The provision is intended to protect honest municipal actions, not to shield arbitrary or unlawful conduct. When the acts complained of are beyond jurisdiction or constitute a continuing wrong, no prior notice is required. No bar to the suit under Section 253– Section 253(1)(b) applies

only when the act complained of is done in pursuance or execution or intended execution of the Act or of any rule or bye–law made thereunder. Where the impugned action is ultra vires, arbitrary, or dehors the Act–such as wrongful demolition, denial of title, or refusal to perform a statutory duty–the bar of Section 253 and the requirement of notice do not apply. Mix question of law and facts:–bar to the Section 253 It is further submitted that whether action of municipality is within purview and for the object of municipalities act is to be decided on the basis of evidence which is required to be led during course of trial. The suit cannot be dismissed at threshold on the ground and on the assumption that action of municipality is for the purpose and object of the municipal act. This whole question of mixed question of law and facts it cannot be adjudicated at under suit threshold. No Section 253(1)(b) applies only when the act complained of is done in pursuance or execution or intended execution of the Act or of any rule or bye–law made thereunder. Where the impugned action is ultra vires, arbitrary, or dehors the Act–such as wrongful demolition, denial of title, or refusal to perform a statutory duty–the bar of Section 253 and the requirement of notice do not apply. I cannot be non–suited at the threshold– The prayer of the application of 0.7 rule 11 is harsh prayer and it's shuts down the door of justice to the litigant.

Therefore, when such prayer is made and even if there is slightest doubt that whether the issue falls under 0.7 Rule 11 or not is required at the time of leading evidence and therefore shutting down doors of justice to the citizen is not proper. Second it is very serious matter to dismiss the suit at the threshold therefore until and unless such action is absolutely barred by any provision of law suit cannot be dismissed on the ground of non–service of notice under O. 7 Rule 11 of CPC. It is a very drastic step to reject the plaint under O. 7 Rule 11 for non– service of notice. When I have raised a ground that action of municipality is de–horse the powers and without jurisdiction then notice was not required. therefore now it is question of trial and mixed question of facts and law which should be adjudicated during the trial an issue can be framed and both the parties can be permitted to raise their respective evidences with regard to necessity of issuance of notice. The plaint cannot be straight way rejected. –Praver– In view of the above submissions, the defendant most respectfully prays that this Hon'ble Court may be pleased to: (a) Dismiss the plaintiff's application under Order VII Rule 11 CPC with costs; and (b) Grant such other and further reliefs as may be deemed fit in the interest of justice.

3. સદર કામે બંન્ને પક્ષકારોના વિ.વ.શ્રીઓની લંબાણ પૂર્વકની મૌખિક દલીલો સાંભળી. વાદીના વિ.વ.શ્રી બી. પી. ત્રીવેદીનાઓએ મૌખિકમાં

એવી દલીલ કરેલ છે કે, તેમને સદર કામે વચગાળાનો મનાઈ હુકમ આપવો જોઈએ અને તે બાબતે મૌખિકમાં લંબાણ પૂર્વકની દલીલ કરેલ છે અને હાલની અરજી ના–મંજુર કરવા પણ અરજ કરેલ છે એવા ગ્રાઉન્ડ લઈ કે, તેઓ કાયદેસરરીતે તકરારી મિલકતના માલિક છે અને સદર કામે ગુજરાત મ્યુનિસિપાલીટી એકટ ની કલમ–૨૫૩ નો કોઈપણ જાતનો બાધ તેઓના દાવાને નડતો ન હોવાનુ પણ તેમની મૌખિક દલીલમાં જણાવેલ છે. વધુમાં વાદી તરફે તેઓના વિ.વ.શ્રીનાઓએ એવી દલીલ કરેલ છે કે, પ્રાઈમાફેસી તેઓ તરફે રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને વંચાણે લેવામાં આવે તો તેઓ મિલકતના માલિક પણ છે અને આ કામના સામાવાળા સદર કામે તકરારી મિલકત પાડવાની પુરતા પ્રયત્ન કરી રહ્યાં છે અને આ કામના વાદી તે તકરારી મિલકતમાં રહે છે અને મકાન ધરાવે છે અને જો સામાવાળા ડીમોલેશનની પ્રક્રિયા કરે તો આ કામના વાદીને ખુબ જ મોટુ નુકસાન જાય અને તેઓને પોતાનું ઘરબાર ગુમાવવાનો પણ વારો આવે અને નાણામાં ન ભરી શકાય તેવુ નુકસાન જાય જેથી હાલની અરજી ના–મંજુર કરવા અરજ કરેલ છે અને પોતાની આંક–૧૩ ના જવાબના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ વાદી તરફે રજૂ કરવામાં આવેલ છે.

1. J.N. GANATRA V. MORVI MUNICIPALITY MORVI
2. SAVARKUNDLA NAGARPALIKA V. MANINAGAR NIVAS NIRMAN SAHKARI MANDLI LTD.
3. POPAT AND KOTECHAPROPERTY V. STATE BANK OF INDIA STAFF ASSOCIATION
4. ADANI EXPORTS LTD. V. HINDUSTAN ORGANIC CHEMICALS
5. RAME GOWDA(D) BY L.RS V.M.VARADAPPA NAIDU (D) BY L.RS. AND ANOTHER

4. ત્યારબાદ આ કામના પ્રતિવાદીના વિ.એ.જી.પી. શ્રી કે.એમ. પારેખનાઓએ એવી દલીલ કરેલ છે કે, તેઓ તરફે વાદીને કોઇપણ જાતની તકરારી મિલકતના ડિમોલેશનની નોટીસ આપેલ નથી કે કોઇ ડિમોલેશનની પ્રક્રિયા સામાવાળા ધોરાજી ન.પા. તરફે હાથ ધરવામાં આવેલ નથી અને વધુમાં દલીલ કરી જણાવે છે કે, આ કામના વાદીના પુરોગામીઓને સદર કામની તકરારી મિલકત જયારે સને–૧૯૯૭ માં ફાળવાયેલ હોય તો તે મિલકતમા બાંધકામ કરવાની રજા ચીઠ્ઠી કઇ રીતે સને–૧૯૮૮ માં આ કામના વાદી મેળવી લે અને દલીલ કરી જણાવે છે કે, આ કામના વાદીના દાવાને ગુજરાતની મ્યુનિસિપાલિટી એકટ–૧૯૬૩ ની કલમ–૨૫૩ નો સ્પષ્ટ બાધ નડે છે તેમજ સિવિલ મેન્યુઅલના પારા નં.૮(૬) મુજબ જે આદેશાત્મક જોગાવાઇઓએ છે તેનો પણ બાધ નડતો હોવાનું જણાવે છે. પ્રતિવાદીઓ તરફે તેમના વિ.વ.શ્રીનાઓએ એવી પણ દલીલ કરેલ છે કે, વાદી તરફે જે ચુકાદાઓ હાલની અરજીના સંદર્ભે રજૂ કરવામાં આવેલ છે તે હાલના કામને લાગુ પડતા નથી અને આ કામના પ્રતિવાદીને એવો કોઇ ગર્ભિત એજંડા નથી કે તેઓ વાદીની તકરારી મિલકતનું ડિમોલીશન કરે. પ્રતિવાદી તરફે એવી પણ દલીલ કરવામાં આવેલ છે કે, વાદીના હાલના દાવાને કોડ ઓફ સિવિલ પ્રોસીઝર ૧૯૦૮ ની કલમ–૧૧ મુજબ સ્પષ્ટ રીતે રેસજયુડીકેટાનો બાધ નડે છે, કારણ કે આ કામના વાદી ઘણી ખરી મહત્વની હકીકતો છુપાવી જેમા ખાસ કરીને નામ. ધોરાજી કોર્ટના રે.દિ.કેસ નં.૨૪/૨૦૦૭ અને તેના પર થયેલ અપીલને છુપાવી હાલના કામનો દાવો લઇને અત્રેની અદાલત સમક્ષ આવેલ છે અને તેમ કરેલ હોવા છતાં સદર કામે આંક–૦૫ ની દલીલો કરી અને આંક–૧૪ થી કાઉન્ટર એફિડેવિડ પાછળથી ઉભુ કરી જેની સાથેના દસ્તાવેજી પુરાવા આંક–૧૫ થી રજૂ કરી નામ. કોર્ટને મિસ લીડ કરવાનો પ્રયત્ન કરી રહ્યાં છે અને પ્રતિવાદીનાઓએ જયારે કોઇપણ જાતની ડિમોલીશન નોટીસ આ કામના વાદીને આપેલ જ નથી તેવા સંજોગોમાં એક કાયદાથી ગર્ભિત અને પ્રિમેચ્યોર સ્યુટ લઇને આ કામના વાદી અત્રેની

અદાલત સમક્ષ આવેલ છે જેથી વાદીનો દાવો ના–મંજુર કરવા અરજ કરેલ છે.

5. સદર કામે વાદી તરફે પ્રતિવાદી દ્વારા રજૂ થયેલ દાવા જવાબ સામે કાઉન્ટર એફિડેવિડ આંક–૧૪ થી રજૂ રાખેલ છે. ત્યારબાદ પ્રતિવાદીએ હાલની સી.પી.સી.ઓ.–૭, રૂલ–૧૧(ડી) મુજબ વાદીને દાવો પરત કરવા આંક–૧૦ થી રજુ કરવામાં આવેલ છે. આ કામના વાદીએ આંક–૧૫ ના દસ્તાવેજી લીસ્ટથી માર્ક–૧૫/૧ થી માર્ક–૧૫/૧૨ વાળા દસ્તાવેજી પુરાવા તેઓની દાવા અરજીના સમર્થનમાં રજુ કરેલ છે.

6. ઉપરોકત દાવાની હકીકતો ધ્યાને લેતા તેમજ બંન્ને પક્ષકારોની સદર અરજી લગત થયેલ દલીલો ધ્યાને લેતા જેમા ખાસ કરીને વાદીઓ તરફે રજુ થયેલ મૌખિક દલીલો ધ્યાને લેતાં અત્રેની અદાલતને એવું જણાય છે કે, આ કામના વાદીએ તેઓની આંક–૦૧ ની અરજીમાં કોઇપણ જગ્યાએ નામ. ધોરાજી કોર્ટના રે.દિ.કેસ નં.૨૪/૨૦૦૭ ના ચુકાદા અંગેનું કે તેવો કોઇ કેસ મિલકત સંદર્ભેનો કે જે હાલની તકરારી મિલકતને પણ સ્પર્શે છે તે અંગેનો કોઇ ઉલ્લેખ મુળ દાવા અરજીમાં કરેલ નથી. જેથી અત્રેની અદાલતને સૌપ્રથમ વાદી હાલના કામનો દાવો સપરેશન ઓફ મટીરિયલ ફેકટ કરી લઇ આવેલ હોવાનું જણાઇ આવે છે, તેટલું જ નહિં પરંતુ નામ. ધોરાજી કોર્ટના રે.દિ.કેસ નં.૨૪/૨૦૦૭ ની તકરારી મિલકત હાલની તકરારી મિલકતને સુસંગત હોવાનું પણ જણાઇ આવે છે. જેથી આ કામના વાદીના દાવાને સપ્ષ્ટરીતે કોડ ઓફ સિવિલ પ્રોસીઝર ૧૯૦૮ ની કલમ–૧૧ એટલે કે રેસજયુડીકેટાનો સ્પષ્ટ બાધ નડતો હોવાનું પણ અત્રેની અદાલતને જણાઇ આવે છે.

7. આ કામના વાદીએ સદરહું દાવો પ્રતિવાદી વિરૂધ્ધ દાદ મેળવવા દાખલ કરેલ હોવાનું જણાય આવે છે અને આ કામના વાદીએ તેઓની મુખ્ય દાવા અરજીના સમર્થનમાં આંક–૧૫ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી માર્ક–૧૫/૧ થી માર્ક–૧૫/૧૨ વાળા દસ્તાવેજી પુરાવા હાલના કામે રજૂ કરેલ

છે. જેને અત્રેની અદાલતે પ્રતિવાદીની હાલની અરજી સંદર્ભે વંચાણે લીધાં. આ તબક્કે સદર અરજી લગત સી.પી.સી. ૧૯૦૮ ના ઓર્ડર–૭, રૂલ–૧૧(ડી)ની કાયદાકીય જોગવાઈઓ પણ વંચાણે લેવી હાલના તબક્કે અતી મહત્વની જણાય છે જે નીચે મુજબ છે.

"**11. Rejection of plaint** – The plaint shall be rejected in the following cases :-

(D) where the suit appears from the statement in the plaint to be barred by any law;"

આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં, પ્રથમદર્શનિય રીતે આ કામના વાદીએ જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તેનો અભ્યાસ કરતા અત્રેની અદાલતને એવું જણાય છે કે, માર્ક–૩/૧, માર્ક–૩/૨ થી જે નોટીસો આ કામના સામાવાળાએ વાદીને આપેલ છે તેમા વાદીની મિલકત ધ્વસ્ત કરવાનો કોઇ ઉલ્લેખ કરેલ હોવાનું વાદીના આંક–૦૧ તેમજ આંક–૧૩ ના જવાબ મુજબનું કે દલીલના કથન મુજબનું જણાઇ આવતું નથી. વધુમાં, જો માર્ક–૩/૧ વંચાણે લેવામાં આવે તો તે વાદી તરફે રજૂ કરવામાં આવેલ ધોરાજી ન.પા. એટલે કે સામાવાળાની ખરી નકલ હોવાનું જણાય છે જેના પાના નં.૨ ની શરત નં.૪ તકરારી મિલકત અંગે ખુબ જ મહત્વની જણાઈ છે જેમા સામાવાળા તરફે એવો ઉલ્લેખ કરવામાં આવેલ છે કે, "આ જમીનની નગરપાલિકાને જરૂર પડશે ત્યારે યોગ્ય વળતર આપી જમીન સંપાદન કરવાનો નગરપાલિકાને હક્ક રહેશે." વધુમાં, વાદી તરફે જે માર્ક–૩/૫ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે તેમા કોઇ શીલ કે સિક્કો નગરપાલિકાનો જણાઇ આવતો નથી જેથી તે દસ્તાવેજ વાદીને મદદ કરતો હોવાનું જણાઇ આવતું નથી. હવે જો હાલના કામે વાદીની આંક–૦૧ ની અરજીના પેરા નં.૩ વંચાણે લેવામાં આવે તો આ કામના વાદી તા.૨૪.૧૧.૧૯૯૭ ના રોજ ધોરાજી નગરપાલિકામાં પહોંચ નં.૦૩૯૨૨૨ થી રકમ ભરી બંન્ને તકરારી જમીનોના માલિક થયેલ હોવાનું જણાવે છે, પરંતુ જો માર્ક–૩/૬ વાળી રજા ચીઠ્ઠી વંચાણે લેવામાં આવે તો તે તા.૧૪.૦૭.૧૯૮૮ ની હોવાનું

અત્રેની અદાલતને જણાય છે એટલે કે તકરારી મિલકત વાદીના નામે રજાચીઠ્ઠી મળી ગયેલ બાદ થયેલ હોવાનું એક શંકાસ્પદ દસ્તાવેજ જણાઇ આવે છે જે બાબત પણ વાદીના વિરૂદ્ધની હોવાનું પણ અત્રેની અદાલતને પ્રાથમિક રીતે જણાઇ છે અને તે અંગેનું કોઇ સ્પષ્ટીકરણ આ કામના વાદી તરફે કરવામાં આવેલ નથી જે બાબત અત્યંત ગંભીર કહેવાય અને તે જ પ્રમાણે વાદી તરફે રજૂ કરવામાં આવેલ માર્ક–૩/૮, માર્ક–૩/૯ વાળા દસ્તાવેજોમાં પણ વિષમતાઓ જોવા મળે છે. આ કામના વાદીએ માર્ક–૩/૩ થી સામાવાળાને તા.૧૫.૦૯.૨૦૨૫ ના રોજ નોટીસ આપેલ હોવાનું જણાય છે, પરંતુ તે નોટીસમાં માંડવાણની વિનંતી કરેલ હોવાનું જણાય છે અને હાલનો દાવો લાવવા અંગે કોઇપણ જાતની સામાવાળાને નોટીસ આપેલ હોવાનું તેમા જણાઇ આવતું નથી.

૮. આ તબક્કે ગુજરાત મ્યુનિસિપાલિટી એકટ ૧૯૬૩ ની કલમ–૨૫૩ વંચાણે લેવી ખુબ જ અગત્યની હાલની અરજીના ન્યાયનિક નિર્ણય માટે જણાય છે જેમા નીચે મુજબનું પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.

(૧) આ અધિનિયમ અનુસાર અથવા તો તેની બજવણી અથવા કરવા ધારેલી અમલ બજવણીમાં કરેલા કોઇ કાર્યના સંબંધમાં અથવા અધિનિયમની અમલ બજવણીમાં થયેલી કહેવામાં આવતી કોઇ ગફલત અથવા કસુરના સંબંધમાં નગરપાલિકા સામે અથવા નગરપાલિકાના કોઇ અધિકારી અથવા નોકર સામે કોઇ દાવો.

(A)(ક) દાવાનું કારણ ઉત્પન્ન થયા પછીના તરતના છ મહિનાની અંદર તે દાખલ કરવામાં આવ્યો હોય તે સિવાય અને

(B)(ખ) નગરપાલિકાની બાબતમાં, નગરપાલિકાની કચેરીમાં લેખિત નોટીસ પહોંચાડ્યા પછી અથવા મુકી આવ્યા પછી અને નગરપાલિકાના અધિકારી અથવા નોકરની બાબતમાં લેખિત નોટીસ પહોંચાડ્યાં પછી અથવા તેની કચેરી અથવા રહેવાના સ્થળે મુકી આવ્યા પછી એક મહિનો પુરો થયો ન હોય ત્યાં સુધી માંડી શકશે નહિં. આવી તમામ નોટીસોમાં

દાવાનું કારણ તથા દાવો કરવા ઇચ્છતા વાદીનું નામ રહેવાનું સ્થળ તથા આ દાવાના હેતુ માટે તેનો જો કોઇ એડવોકેટ, વકીલ, એજન્ટ હોય તો તેનું નામ અને રહેવાનું સ્થળ વાજબી વિગતો સાથે જણાવવા જોઇશે.

(૨) આવા કોઈ દાવાની ઈન્સાફી કાર્યવાહી ચાલતી હોય ત્યારે તે વખતે–

(A)(ક) ઉપર કહ્યાં પ્રમાણે વાદીએ પહોંચાડેલી અથવા તે મુકી આવ્યો હોય તેવી નોટિસમાં દાવાનું જે કારણ જણાવવામાં આવ્યું હોય તે કારણ સિવાયના દાવાના બીજા કોઈ કારણને લગતો પુરાવો વાદીને આપવા દેવો નહિં.

(B)(ખ) જો દાવો નુકસાની માટેનો હોય અને તેને દાવો માંડ્યો હોય તે પહેલાં જો પુરતો બદલો તેને આપવા માંડવામાં આવેલ હશે તો વાદીને એ રીતે આપવા માંડવામાં આવેલ રકમ કરતાં કાંઈ વધુ રકમ મળશે નહિં અને આ રીતે બદલો આપવા માંડ્યા પછી પ્રતિવાદીને થયેલું તમામ ખર્ચ વાદીએ આપવું પડશે.

(૩) જો એવા કોઈ દાવામાં પ્રતિવાદી નગરપાલિકાનો અધિકાર અથવા નોકર હોય તો દાવામાં અથવા દાવાના પરિણામે તેણે ભરવાની કોઈ રકમ અથવા તેનો ભાગ કારોબારી સમિતિની મંજુરીથી નગરપાલિકા ફંડમાંથી આપી શકાશે.

9. આમ, ઉપરોકત કલમ–૨૫૩ ની જોગવાઇ વંચાણે લેતા અત્રેની અદલાતને સ્પષ્ટ જણાઇ છે કે હાલના કામના વાદીને દાવો લાવતાં પહેલાં સ્પષ્ટરીતે કાયદાકીય બાધ નડતો હોવાનું જણાઇ આવે છે. જે નોટીસ આપવાનું એક સ્ટેટ્યુટરી પ્રોવિઝન છે અને તે મેન્ડેટરી હોવાનું અત્રેની અદાલતને જણાય છે.

વધુમાં, જો સિવિલ મેન્યુઅલ પારા નં.૮ ની જોગવાઇઓ ધ્યાને લેવામાં આવે તો મેન્યુઅલના પારા નં.૮(૬) માં એવી આદેશાત્મક

જોગવાઇ કરવામાં આવેલ છે કે, લેન્ડ રેવન્યુ કોર્ટની કલમ–૧૩૫ ની જોગવાઇઓનું પાલન થયેલ હોવું જોઇએ અને રેવન્યુ રોકર્ડસને સાથે રાખી દાવો લાવવો જોઇએ જેથી અત્રેની અદાલત કબજા અંગેનો યોગ્ય અને ન્યાયિક નિર્ણય કરી શકે જે પુર્તતા હાલના કામે વાદી તરફે થયેલ ન હોવાનું પણ અત્રેની અદાલતને જણાઇ આવે છે.

10. સદર કામે વાદીએ જે આંક–૧૩ થી પ્રતિવાદીના હાલના કામની અરજીનો જવાબ આપેલ છે તેમા મુખ્ય રીતે ગુજરાત મ્યુનિસિપાલિટી એકટ ૧૯૬૩ ની કલમ–૨૫૩ ની જોગવાઇ તેઓ પર લાગુ ન પડેલ હોવાની જ દલીલ કરેલ છે જે સાથે અત્રેની અદાલત સમર્થન રાખતી નથી. વધુમાં, આ કામના વાદીએ મુળ દાવા અરજીમાં જે ફેકટનું મટીરિયલ સપ્રેશન કરલું તે બાબતો પાછળથી આ કામના પ્રતિવાદીનો આંક–૧૧ વાળો જવાબ આવી જતાં ત્યારબાદ અત્રેની અદાલત સમક્ષ આંક–૧૫ વાળા દસ્તાવેજી પુરાવાથી લાવેલ છે જે બાબત આ કામના વાદીના વિરૂદ્ધ જતી હોવાનું પણ અત્રેની અદાલતને જણાઇ આવે છે. વધુમાં, વાદી જે એ.આર.૧૯૯૬ એસ.સી.૨૫૨૦ ના ચુકાદાની વાત કરે છે તે ચુકાદાની હકીકત અને હાલના ચુકાદાની હકીકત સંપુર્ણ અલગ અલગ પ્રકારની હોવાનું જણાય છે કારણ કે તે નામ. વડી અદાલતના ચુકાદામાં મ્યુનિસિપાલિટીના કર્મચારીના નિલંબન બાબતની હતી અને હાલનો દાવો તે તકરારી મિલકત બાબતનો છે તે જ પ્રમાણે વાદી તરફે જે અન્ય ચુકાદાઓ રજૂ કરવામાં આવેલ છે તે ચુકાદાઓની હકીકત હાલના દાવાની હકીકતો કરતા ભિન્ન ભિન્ન પ્રકારની હોવાનું અત્રેની અદાલતને જણાઇ આવે છે. આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આ કામના વાદીના દાવાને કાયદાકીય બાધ નડતો હાવાનું જણાઇ આવે છે. જેથી પ્રતિવાદીની હાલની અરજી પર નીચે મુજબનો આખરી હુકમ કરવો યોગ્ય અને ન્યાયોચિત જણાઇ આવે છે.

## –// આ ખ રી હુ ક મ //–

1. પ્રતિવાદીની હાલની અરજી આથી **"મંજુર"** કરવામાં આવે છે.

2. આ કામના વાદીનો દાવો કોડ ઓફ સિવિલ પ્રોસીઝર ૧૯૦૮ ના ઓર્ડર–૭, રૂલ–૧૧(ડી) મુજબ પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

3. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૦૧/૨૦૨૬

(સુનિલ વામન વાઘ)
**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,**
**ધોરાજી.**
(જજ કોડ- જીજે૦૧૨૫૮)